ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**પ્રકાશ એચ શાહ**
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા વૈષ્ણવ - વણિક સમાજ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૯૭૮૪ ૦૬૫૩૪



**એમ કે દલસાણિયા**
ટ્રસ્ટી, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ



**ધીમંત પ્રાણશંકર ભટ્ટ**
મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦



**પલ્લવી મહેન્દ્રભાઈ રાઠોડ**
સાયન્ટીસ્ટ, ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાઝમા રીસર્ચ



**અર્ચના મહેન્દ્રભાઈ રાઠોડ**



**જય ગોપલાણી**



**હસનૈનરઝા એમ સિંધી**
મો. ૯૯૦૪૦ ૫૩૧૪૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# અક્ષરધામની દિવ્યતાને મુખ્યમંત્રીએ અંતરે ધરી





રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુરુવારે અક્ષરધામ-ગાંધીનગરની મુલાકાત લીધી હતી. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી સંસ્થાના વરિષ્ઠ સદગુરૂ સંત ડોકટર સ્વામી તથા ઈશ્વરચરણ સ્વામીએ તેમનો સત્કાર કર્યો હતો. આ વર્ષે અક્ષરધામમાં અક્ષરવાસી પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ રૂપે દીપોત્સવી પર્વનું આયોજન કરાયું છે ત્યારે વિજયભાઈ રૂપાણીએ પ્રમુખસ્વામીના સંસ્મરણોને વાગોળ્યાં હતાં. તેમને આ ઉત્સવના આયોજન અંગે બ્રહ્મવિહારી સ્વામી, અક્ષરધામના મહંત પૂ. આનંદસ્વરૂપ સ્વામી, કોઠારી સ્વામી તથા વિશ્વવિહારી સ્વામીએ અવગત કરાવ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ દશ્યો નિહાળીને તેઓએ દિવ્યતા અને ધન્યતાનો અનુભવ કરેલ છે. તેમણે ડોકટર સ્વામી અને ઈશ્વરચરણ સ્વામી પાસેથી ગુજરાતની સારી સેવા તેઓ કરી શકે તથા દેશ અને દુનિયામાં બધે શાંતિ પ્રસરે એવા આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. ડોકટર સ્વામીએ મુખ્યમંત્રીને પ્રસાદ અને સ્મૃતિભેટ પણ અર્પણ કરી હતી. આ પ્રસંગે મંત્રી ભીખુભાઈ દલસાણીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.



દીવાળી નિમિત્તે અભ્યુદય ફાઉન્ડેશન દ્વારા ગરીબ-જરૂરિયાતમંદ બાળકોને ફટાકડા તેમજ મીઠાઈ આપીને તેમની સાથે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી અને બાળકોને દિવાળીનો આનંદ અર્પણ કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### વેદવ્યાસ સંસ્કૃતિ સંવર્ધન ટ્રસ્ટ દ્વારા સોમવારે

## ફૂલશંકર શાસ્ત્રીજીના પ્રાચ્યવિદ્યા ગ્રંથના અનુવાદ ગ્રંથનું વિમોચન કરવામાં આવશે

### રાજભવન ખાતે રાજ્યપાલ વિમોચન કરશે

ગાંધીનગર, તા. ૪

શ્રી વેદવ્યાસ સંસ્કૃતિ સંવર્ધન સંસ્થાન ટ્રસ્ટ દ્વારા સંસ્થાપક તપોમૂર્તિ આચાર્ય ફૂલશંકર શાસ્ત્રીજી દ્વારા પ્રાચ્યવિદ્યાના ગ્રંથના અનુવાદ ગ્રંથનો વિમોચન સમારોહ આગામી સોમવારે યોજવામાં આવ્યો છે.

ટ્રસ્ટ દ્વારા આ અંગેની માહિતી આપતાં જણાવવામાં આવ્યું છે કે સંસ્થાના ઉપક્રમે ફૂલશંકર શાસ્ત્રીજી દ્વારા પ્રાચ્યવિદ્યાના ગ્રન્થ નિ.ષો. (સંસ્કૃત, ગુજરાતી ટીકાઓ સહિત)નો અનુવાદ ગ્રંથ સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. આ માટે ૭મી નવેમ્બરે સાંજે ૫.૩૦ કલાકે રાજભવન ખાતે આયોજિત સમારોહના અધ્યક્ષ, વિમોચક તરીકે રાજ્યપાલ ઓમપ્રકાશ કોહલી, મુખ્ય મહેમાન તરીકે રાજરાજેશ્વરી પીઠમ, કડીનાં નિત્યાશ્રીજી ઉર્વશીબેન દવે, અતિથિ વિશેષ તરીકે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા તથા વડોદરા નિવાસી દાતા કશ્યપભાઈ ઠક્કર ઉપસ્થિત રહેશે.

સમારોહ અંતર્ગત પ્રતિમાબેન ફૂલશંકર વ્યાસનું સન્માન કરવાનો ઉપક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો છે.

## શબ્દાયન દ્વારા કવિ સંમેલન યોજાયું

### પસંદ કરાયેલા ૩૦ જેટલા કવિઓએ પોતાની કૃતિઓની રજૂઆત કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા

ગાંધીનગર, તા. ૪

કલાકારો, સાહિત્યકારોને પ્રોત્સાહન આપતી સંસ્થા શબ્દાયન દ્વારા ચાંદખેડા ખાતે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિસત માતાના મંદિરના પ્રાંગણમાં આયોજિત આ સુંદર કવિ સંમેલનમાં સમગ્ર ગુજરાતમાંથી આવેલા કવિઓએ ભાગ લીધો હતો. ગુરુબ્રાહ્મણ સમાજના ૨૦ કવિઓની ૩૦ જેટલી કૃતિઓને પસંદ કરવામાં આવી હતી, જેમની રજૂઆત તેમના કર્તાઓ દ્વારા કરવામાં આવી હતી.

આ સમારોહનું અધ્યક્ષપદ દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદના પ્રોગ્રામ એક્ઝિક્યુટીવ દેવેન્દ્ર વૈશ્યક દ્વારા શોભાવવામાં આવ્યું હતું. વિસનગરના જશુભાઈ શ્રીમાળીએ કાર્યક્રમનું સંવાહન કર્યું હતું અને ગાંધીનગરના ખ્યાત તસવીરકાર નિકુંજ વૈશ્યકે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમ માણવા ને વખાણવાલાયક બન્યો હતો.

ગાંધીનગર અક્ષરધામના હરિમંદિરમાં નૂતન વર્ષ નિમિત્તે સોમવારે અન્નકૂટ મહોત્સવનું આયોજન થયુ હતું.

આ મહોત્સવમાં ૧૩૬૬ શાકાહારી વ્યંજનો ભગવાનને ધરાવવામાં આવ્યા હતા. ગાંધીનગર અક્ષરધામના મહંત આનંદસ્વરૂપ સ્વામીએ આરતી ઉતારી હતી.

આ સાથે જ નૂતન વર્ષ મંગલકારી અને સુખમય બની રહે તેવી શુભકામના પણ તેમણે પાઠવી હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં અન્નકૂટ દર્શનનો લાભ લીધો હતો.



## ડાયરેક્ટ ❤ સે

મોકો સૌને મળે છે, માત્ર સમયની રાહ જોવાની હોય છે.
જે કેલેન્ડર આખું વર્ષ તારીખ બદલ્યા કરે છે, એ જ કેલેન્ડરને વર્ષના અંતિમ દિવસની એક તારીખ બદલી નાંખે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
શિવાય
૧૨.૧૫, ૩.૩૦,
૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
એ દિલ હે મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦,
૬.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩**
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-હિન્દી)
૪.૦૦, ૯.૪૫

**સ્ક્રીન-૫**
પાસપોર્ટ (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
લવારી (ગુજરાતી)
૧.૧૫, ૬.૩૦
શિવાય
સવારે ૧૦.૦૦

# આવનારી આપતિ કરતાં તેનો ડર વધારે ભયાવહ હોય છે

**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vamlani@yahoo.co.uk

એક મિત્રની દિકરીએ ધોરણ બારની વિજ્ઞાન પ્રવાહની પરિક્ષા આપી. દિકરીને શાળામાં દાખલ કરી ત્યારથી જ મિત્ર દંપતિની તીવ્ર ઈચ્છા હતી કે દિકરી ભણીગણીને ડૉકટર બને. દિકરીના મનમાં પણ બચપણથી જ એ જ ધ્યેય નક્કી કરાવી લીધું. દિકરી બારમાં ધોરણ સૂધી પહોચી ત્યાં સૂધીમાં તો મિત્ર દંપતિ અને તેની દિકરીના દિલ દિમાગમાં એક જ વિચાર, એક જ ધ્યેય ઘર કરી ગયું કે દિકરીએ કોઈપણ ભોગે ડૉકટર બનવાનું છે. ધોરણ બારની પરિક્ષા પૂરી થઈ ત્યારે દિકરીએ માતા-પિતાને કહ્યુ કે બે પેપરની પરિક્ષા અપેક્ષા કરતા વધારે અઘરી લાગી એટલે કદાચ ધાર્યા કરતા ઓછા માર્કસ આવે. દિકરીની વાત સાંભળીને માતા-પિતા ઉપર જાણે આભ પડ્યું. બંનેની માનસિક હાલત ખરાબ થઈ ગઈ. પરિણામને દોઢેક મહિનાની વાર હતી પણ માતા-પિતાના મનને ચિંતા ઘેરી વળી. દિકરીને ધાર્યા માર્કસ કરતા ઓછા માર્કસ આવશે તો મેડીકલમાં પ્રવેશ નહિ મળે. આવું થશે તો મિત્રો, સ્નેહીજનો કે કુટુંબીજનોને શું મોઢું બતાવશું ? અમારી તો આબરુના ધજાગરા ઊડી જશે. થોડા દિવસોમાં મિત્ર તો સ્વસ્થ થઈ ગયો પણ મિત્રની પત્નિને દિકરીનાં પરિણામની એટલી બધી ચિંતા ઘેરી વળી કે પોતે સખત બિમાર થઈ ગઈ. દોઢેક મહિનાનાં સમય દરમ્યાન તેનું બ્લડ પ્રેશર નોર્મલ કરતાં ઘણું વધી ગયું, ડાયાબીટીસ થઈ ગયું, આઠ-દસ કીલો વજન ઘટી ગયું અને માનસિક રીતે પણ તે એકદમ ભાંગી પડી. બીમારીનાં ઈલાજ માટે સમય અને પૈસાનું પાણી કર્યુ પણ કઈ જ ફેર ના પડ્યો. ધોરણ બારનું પરિણામ આવ્યું. તેઓની અપેક્ષા હતી તેનાં કરતાં વધારે સારું પરિણામ આવ્યું મેડીકલમાં દિકરીને પ્રવેશ મળવા ની ખાત્રી થઈ ગઈ પણ મિત્ર પત્નિની તબિયત સુધરશે એવી ખાત્રી કોઈ જ ડૉકટર આપી શકે તેમ ના હતા. દિકરીને મેડીકલમાં પ્રવેશ પણ મળી ગયો. પણ મિત્ર પત્નિનાં શરિરને ચિંતા અને દવાઓને કારણે મોટું નૂકશાન થઈ ચૂક્યું હતું. એ નૂકશાન એવું હતું જે લાંબા સમય સૂધી ભરપાઈ થઈ શકે એમ ન હતું.

આ જગતની દરેક વ્યકિત મૃત્યુથી સભાન છે. અને ભવિષ્યથી પણ સભાન છે તેથી તેને ભવિષ્યનો ડર લાગે છે અથવા તો ભવિષ્યની તેને ચિંતા થાય છે. માણસ સ્વપ્નો જુવે છે, ભવિષ્યની કલ્પનાઓમાં ખોવાઈ જઈને, દિવાસ્વપ્નો જુવે છે ને કાં તો સુખ અનુભવે છે ને કાં તો દુઃખ અનુભવે છે. પશુ, પંખી, પ્રાણી, જીવજંતુઓ કે મનુષ્ય સિવાયના કોઈપણ જીવને ભવિષ્યની કોઈ જ પ્રકારની ચિંતા નથી હોતી. તેઓ હંમેશા વર્તમાનમાં જ જીવતા હોય છે એટલે તેઓ માટે વર્તમાન જ સર્વશ્રેષ્ઠ ક્ષણ હોય છે .

ઘણી પરિસ્થિતી એવી હોય છે જેના ઉપર વ્યક્તિનો સંપૂર્ણ અંકુશ હોય છે અથવા તો સંપૂર્ણ અંકુશ લઈ શકે છે બીજી પરિસ્થિતી એવી હોય છે જેના ઉપર વ્યક્તિનો કોઈ જ પ્રકારનો અંકુશ નથી હોતો. વ્યક્તિ બંને પ્રકારની પરિસ્થિતીની ચિંતા કરતો હોય છે. જે પરિસ્થિતી ઉપર વ્યકિતનો અંકુશ હોઈ શકે એવી પરિસ્થિતીની ચિંતા કરે તો વાજબી પણ ગણી શકાય. પણ જે પરિસ્થિતી વ્યકિતના કાબુ બહાર હોય, જે પરિસ્થિતી વ્યકિતના પહોચ બહારની હોય, જે પરિસ્થિતી પોતાના અંકુશ ક્ષેત્રની બહાર જ હોય તે પરિસ્થિતી ચિંતા કરવાથી કંઈ જ ફાયદો નથી. ખાસ કરીને ભવિષ્યમાં ઘટનારી એવી ઘટનાઓ કે પરિસ્થિતી જેના ઉપર વ્યક્તિનો કોઈ જ પ્રકારનો અંકુશ હોતો નથી છતાં પોતાના માટે ખરાબ પરિસ્થિતી ઊભી થશે એવી ખોટી કલ્પનાઓ કરીને વ્યક્તિ સતત દુઃખી થતી હોય છે. ભવિષ્યમાં આવનારી આપત્તિ કે દુઃખ કે મૂશ્કેલીની ચિંતામાં વ્યક્તિ પોતાનો વર્તમાન સમય પણ દુઃખમાં વ્યતિત કરીને દુઃખી થાય છે.

વ્યક્તિ વર્તમાનમાં જીવે તો મોટેભાગે સુખ માણે છે. વ્યક્તિ સુખના સાગરમાં લહેરાતો હોય, સુખની ક્ષણોને માણતો હોય ત્યારે પણ કયારેક દુઃખ કે આપત્તિની આશંકા કરતો રહે છે. આમ કરવાથી વર્તમાનનાં સુખને તો માણી શકતી નથી અને તેને હંમેશા, સતત દુઃખનો છૂપો ભય સતાવતો રહે છે જેનો કોઈ વૈદકિય ઈલાજ નથી.

સુખની ક્ષણોમાં, વર્તમાન ક્ષણોમાં દુઃખની કલ્પનાઓ કરીને વ્યક્તિ જ્યારે દુઃખી થાય છે ત્યારે સુખની અમૂલ્ય ક્ષણો તો ગુમાવે જ છે સાથે સાથે તે સતત માનસિક તાણ પણ અનુભવે છે. સતત દુઃખની ને આપત્તિની આશંકાઓ, માનસિક તાણની તેના શરિર ઉપર વિપરિત અસર કરે છે. પરિણામે વ્યકિત પોતાના ઉપરનો વિશ્વાસ કે આત્મશ્રદ્ધા પણ ક્યારેક ગુમાવી બેસે છે. આમ કરીને વ્યકિત કદાચ પોતાની જાતને છેતરે છે.

વ્યકિતને સુખ આપે એવી તમામ ભૌતિક, સામાજીક, લૌકિક કે અલૌકિક વસ્તુઓ તરફ હંમેશા આકષર્ણ રહેતું હોય છે. વ્યક્તિ આવા સુખની કલ્પના કરે છે ને પછી તેને મેળવવાનું સપનુ સેવે છે. દિવસ-રાત વ્યક્તિ તેને પામવાના અને પામીને માણવાના સ્વપ્નો જોયા કરે છે. એ સ્વપ્નો સાકાર કરવા, એ વસ્તુઓ મેળવવા કયારેક વ્યક્તિ અથાગ પ્રયત્નો પણ કરે છે. કયારેક એવું બને છે કે જયારે યોગ્ય માર્ગે વસ્તુઓ ન મળે તો અયોગ્ય કે ખોટા માર્ગે પણ તેને મેળવવાના પ્રયત્નો કરે છે. વ્યક્તિ જયારે ખોટા માર્ગે વસ્તુને પ્રાપ્ત કરવા માટે પ્રય્તનો કરે છે ત્યારે લોભવશ કે મોહવશ વ્યક્તિ એ વિચારતો નથી કે સમજી શકતો નથી કે એ સુખ આપનારી વસ્તુઓ પ્રાપ્ત કરવાની શકિત કે સામર્થ્ય પોતાનામાં છે કે નહિ. વ્યક્તિમાં સમર્થ્ય હોય અને ધાર્યું પ્રાપ્ત ન કરિ શકે અને પોતે દુઃખી થાય તે વાજબી ગણાય પણ સામર્થ્ય ન હોય અને પોતે પ્રાપ્ત ન કરી શકે અને દુઃખી થાય એ કેટલું વાજબી ? વ્યકિત પોતાના પ્રયત્નોમાં નિષ્ફળ જાય અને દુઃખી થાય એ સ્વિકાર્ય ગણાય પણ વ્યક્તિ ત્યારે નિષ્ફળ જવાના ભયથી વસ્તુ તેને પ્રાપ્ત નહિ થાય તો શું થશે એવા ડરથી દુઃખી થતી રહે છે ત્યારે આશ્ચર્ય થાય છે.

વ્યક્તિ વર્તમાનમાં જીવવાનું શીખીને, વર્તમાનમાંથી જ પોતાનું સુખ શોધે અને ભવિષ્યમાં આવી પડનારી આપત્તિની કલ્પનાઓ મનમાંથી કાઢી નાંખે તો વ્યકિતને કોઈ જ દુઃખી ના કરી શકે. આપત્તિ કે મૂશ્કેલિઓ કરતાં તેનો ડર વધારે ભયાવહ હોય છે જે માત્ર અને માત્ર વ્યક્તિનાં મનની જ ઉપજ હોય છે. વર્તમાન ક્ષણોને ભરપૂર માણવી એ જ આ પ્રકારના ડરને દૂર કરવાનો ઉપાય છે.

